# પુનરાવર્તન (પાઠ 17થી 22)

**1. નીચેની ચર્ચા વાંચી તેના આધારે નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો :**

પાવન : અલ્યા યુવરાજ ! ચાલ, શાળાએ નથી આવવું ?

યુવરાજ : ના પાવન. મારું લેસન બાકી છે.

પાવન : મારું પણ બાકી છે, તે છતાં હું તો જાઉં છું.

યુવરાજ : આપણા બંનેના સર અલગ છે દોસ્ત. એમના સ્વભાવ પણ જુદા-જુદા છે.

(1) યુવરાજનું ગૃહકાર્ય કેમ બાકી રહી ગયું હશે ?

(2) પાવનના શિક્ષક તેની સાથે કેવો વ્યવહાર કરશે ?

(3) યુવરાજના શિક્ષકનો સ્વભાવ કેવો હશે ?

(4) તમારું ગૃહકાર્ય બાકી રહી જાય, ત્યારે તમે શું કરો છો ?

(5) ગૃહકાર્ય પૂરું ન કરનાર વિદ્યાર્થી સાથે તમારા શિક્ષક કેવો વ્યવહાર કરે છે ?

**2. નીચે આપેલ સમાચાર વાંચી તેના પર આધારિત પાંચ પ્રશ્નો બનાવો :**

મોટેરા સ્ટેડિયમમાં સહવાગનો સપાટો :

સદી ફટકારી કાંગારુઓને પછાડ્યા.

**3. નીચેનાં સુવાક્યોનો વિચારવિસ્તાર કરો :**

'ઈશ્વરઅલ્લા ચાહે ગુરુ, ચાહે કહો શ્રી રામ

માલિક સબકા એક હૈ, અલગ-અલગ હૈ નામ.'

**4. નીચેની બાબતો અંગે તમારા વિચારો વર્ગ સમક્ષ રજૂ કરો :**

- દેવાંગની એક પેન તમને ખૂબ ગમે છે. એક દિવસ શાળામાં તેની પેન ખોવાઈ જાય છે. તે પેન તમને જડે છે. હવે તમે શું કરશો ?
- પતંગની દોરીથી ઘાયલ થયેલું કબૂતર તમારી સામે તરફડી રહ્યું છે. આ પરિસ્થિતિમાં તમે શું કરશો ?

**5. નીચેના ઉદાહરણમાં જણાવ્યા મુજબ સામાસિક વાક્ય બનાવો :**

**ઉદાહરણ :** મારે પણ દાળ અને ભાત જ ખાવાં છે.

મારે પણ દાળ-ભાત જ ખાવાં છે.

(1) કાબરી ડાંસ જેવી ભૂખી હતી.

(2) માતા અને પિતાની સેવા કરવી એ સંતાનનો ધર્મ છે.

(3) હું તો હરિનું મુખ જોઈ ફૂલી રે.

**6. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

(1) વસેલા ધંધાર્થે ..........................

મિલને તે રજનીએ.

(2) તાંબાના તરભાણે.............................

સુખ આવશે અમારે સરનામે.

**7. નીચેનો ગદ્યાંશ વાંચીને તેનો સાર લખી યોગ્ય શીર્ષક આપો :**

**ગદ્યાંશ**

બરાબર આ જ વખતે આખાયે દેશમાં ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદીનો જંગ શરૂ થયો. ચૂનીલાલને એ જંગમાં ઝુકાવવાની ઈચ્છા થઈ; પરંતુ એમનું મન ભારે મથામણ અનુભવવા લાગ્યું. એક બાજુ ભણીગણીને કુટુંબને ઉપયોગી થવાનું હતું; તો બીજી બાજુ દેશ માટે બલિદાન આપવાની વાત હતી. શું કરવું ? ચૂનીલાલ ઘણું વલોવાયા ને છેવટે એમણે ત્યાગનો અને દેશસેવાનો માર્ગ પસંદ કર્યો. દેશસેવા કરતાં-કરતાં કુટુંબને થાય તેટલી મદદ જરૂર કરી; પરંતુ દેશસેવાનો જુસ્સો મંદ પડવા ન દીધો.

**8. બાળકોને 'મારી ડાયરી' બનાવવા કહીને તેમાં 7 દિવસની રોજનીશી લખવા કહેવું અને આ રોજનીશીનું વર્ગમાં વાંચન કરાવવું.**

**9. (અ) નીચે આપેલા સમાસોનાં નામ લખો :**

(1) માથાબૂડ

(2) શિષ્યવૃત્તિ

(3) ઈશ્વરપ્રાપ્તિ

(4) સેવાપૂજા

(5) પવનવેગે

**(બ) નીચેના શબ્દોની સંધિ છૂટી પાડો :**

(1) સત્યાગ્રહ

(2) મહાત્મા

(3) વાતાવરણ

(4) મિષ્ટાન્ન

(5) ભાષાંતર

**(ક) તમે સાંભળેલી કહેવતોની યાદી બનાવો. (ગમે તે પાંચ)**